જા.ક્ર.:મા-૨/૨૦૨૪/ 12230

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા. 13/૦૮/૨૦૨૪.

પ્રતિ,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૨૪ પત્રક્રમાંક મઉમશબ/સંશોધન/૨૦૨૪/૨૩૯૫-૨૪૨૯ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/2294-2394
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 13/08/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ),
શાસનાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- 'હર ઘર તિરંગા' કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત

સંદર્ભ :- માન.અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના સૂચના અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન ૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અન્વયે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય સંગ્રામથી આજ દિન સુધી રાષ્ટ્રધ્વજના ઈતિહાસ અંગેની માહિતી તેમજ તેના મહત્વ વિશે જાણકારી મળે તે હેતુસર ટૂંકી નોંધ તૈયાર કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

ઉક્ત બાબતે સદર ટૂંકી નોંધની જાણકારી શાળાની પ્રાર્થનાસભામાં આપવા માટે આપની કક્ષાએથી આપના તાબાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલસારું સૂચના આપવા માટે જણાવવામાં આવે છે. જે આપશ્રીને વિદિત થાય.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:ઉપર મુજબ

# રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ અને ગૌરવ ગાથા

**પ્રસ્તાવના :**

ભારત વિશ્વમાં પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતો દેશ છે. દેશમાં આઝાદી સમયે ક્રાંતિકારીઓએ અને આંદોલનકારીઓએ તિરંગાને દેશની આન,બાન અને શાન સમજીને દેશનુ ગૌરવ સ્થાપિત કર્યું. શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં રાષ્ટ્રધ્વજનું મૂલ્ય અને મહત્વ વધે તે માટે પ્રયત્ન થાય તે જરુરી છે.

**રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ..**

આઝાદીની ચળવળમાં એક રાષ્ટ્રધ્વજ જેવા શક્તિશાળી માધ્યમની જરૂર જણાઇ. ઇ.સ. 1904માં સિસ્ટર નિવેદિતાએ પ્રથમ રાષ્ટ્રધ્વજ રજૂ કર્યો. આ ધ્વજમાં લાલ, ચોરસ આકારનો વચ્ચે પીળો અને મધ્યમાં સફેદ રંગના કમળમાં વજ્રનું ચિહ્ન તથા બંગાળી ભાષામાં 'વંદેમાતરમ્' નું લખાણ હતું.

7 ઓગસ્ટ 1906ના રોજ સુરેન્દ્રનાથ બેનર્જીએ કલકત્તામાં ધ્વજ લહેરાવ્યો. જેમાં એકસરખા ત્રણ પટ્ટા ઉપર નારંગી વચ્ચે પીળો અને નીચે લીલો રંગ હતો. 22 ઓગસ્ટ 1907ના રોજ મેડમ ભીખાઈજી કામાએ જર્મનીમાં (તિરંગો) ધ્વજ ફરકાવ્યો. આ ધ્વજમા ઉપર લીલો, વચ્ચે કેસરી અને નીચે લાલ રંગના પટ્ટા હતા. વચ્ચેના પટ્ટામાં દેવનાગિરી લિપિમાં 'વંદેમાતરમ્' લખેલું હતું.

બાલ ગંગાધર ટિળક અને એની બેસન્ટ દ્વારા હોમરૂલ આંદોલન માટે એક નવો ધ્વજ પસંદ કરાયો. જેમાં પાંચ લાલ, ચાર લીલી આડી પટ્ટીઓ તથા ઉપરના ડાબા ચતુર્થ ભાગમાં 'બ્રિટિશ ધ્વજ' ધરાવતો હતો. વર્ષ 1921ની શરૂઆતમાં "પિંગાલી વૈંકય્યા" એ સર્વમાન્ય રાષ્ટ્રધ્વજ બનાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે મહાત્મા ગાંધીને ધ્વજ બતાવ્યો. તેમણે ધ્વજ પર ચરખાનું ચિત્ર મૂકવું તેવું સૂચન કર્યું.

વર્ષ 1931માં કોંગ્રેસ સમિતિ કરાંચીમાં મળી ત્યારે રાષ્ટ્રધ્વજ પર આખરી ઠરાવ પસાર થયો અને 'પિંગાલી વૈંકય્યા' ના ધ્વજના આધારે તિરંગો ધ્વજ જેમાં કેસરી, સફેદ અને લીલો આ ત્રણ આડા પટ્ટા અને વચ્ચે ચરખાનું ચિત્ર હતું.

ભારતના રાષ્ટ્રીય ધ્વજને દેશની સંવિધાન સભાએ 22 જુલાઈ, 1947 ના રોજ પસંદ કર્યો હતો. તે દિવસથી ભારતનો રાષ્ટ્રધ્વજ બની ગયાની ઘોષણા થઈ. જેમાં ઉપર કેસરિયો રંગ પછી સફેદ અને નીચે લીલો રંગ અને વચ્ચે 24 આરાનું અશોક ચક્ર જોવા મળે છે.

'તિરંગો'એ આપણા દેશની આન,બાન અને શાન છે .આ રાષ્ટ્રીય પર્વને દરેક નાગરિક તેનું મૂલ્ય અને મહત્વ સમજી રાષ્ટ્રભાવના ઉજાગર કરે તે સુનિશ્ચિત કરીએ.આપણા રાષ્ટ્રધ્વજ માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ.

રાષ્ટ્રધ્વજનું મહત્વ..

રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે. કેસરી રંગ રાષ્ટ્રની તાકાત અને હિંમત દર્શાવે છે. સફેદ રંગ શાંતિ, શુદ્ધતા અને અખંડિતતા દર્શાવે છે. લીલો રંગ ભારતીય ભૂમિની ફળદ્રુપતા, હરિયાળી ક્રાંતિ અને વૈભવ દર્શાવે છે. રાષ્ટ્રધ્વજમાં ત્રણ રંગો છે તેથી તેને તિરંગો કહે છે. તિરંગો આકારમાં લંબચોરસ છે. આપણો રાષ્ટ્રધ્વજ વિશ્વમાં આપણી ઓળખ છે. રાષ્ટ્રધ્વજનું ગતિ ચક્ર હંમેશા આપણને પ્રગતિના માર્ગે ગતિ કરવા પ્રેરણા આપે છે. રાષ્ટ્રધ્વજમાં 24 આરા વાળું અશોક ચક્ર છે. રાષ્ટ્રધ્વજએ આપણા દેશના પ્રત્યેક નાગરિકનું મસ્તક ઊંચું રાખવા માટે પ્રેરક બળ છે. અનેક શહીદવીરો આપણા રાષ્ટ્રધ્વજના સન્માન માટે વીરગતિ પામ્યા છે. પ્રત્યેક દેશ માટે શહીદ થનાર સૈનિકને રાષ્ટ્રધ્વજ સાથે વિશેષ સન્માન આપવામાં આવે છે. આપણો રાષ્ટ્રધ્વજ પ્રત્યેક ભારતીયને પોતાનો લાગે છે. તેથી જ તો 'હર ઘર તિરંગા'ના અભિયાનને આટલી સફળતા મળી છે. તિરંગાનું વિશેષ ધ્યાન રાખવું એ આપણી નૈતિક ફરજ બની રહે છે. જો આપણે રાષ્ટ્રધ્વજની મર્યાદાઓ જાળવીશું તો જ આપણું ગૌરવ જળવાશે. આ વાત ભૂલવી ન જોઈએ. રાષ્ટ્રધ્વજ મારા દેશનું ગૌરવ છે. રાષ્ટ્રધ્વજનું સન્માન સચવાય અને તેનું અપમાન ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે. ભારતનો રાષ્ટ્રધ્વજ સરકારી કચેરીઓ, શાળા, કોલેજો, યુનિવર્સિટીઓમાં તેમજ વિવિધ દેશોમાં ગર્વથી લહેરાઈ રહ્યો છે. ઓલિમ્પિક રમતોમાં શ્રેષ્ઠ ખેલાડીને ધ્વજવાહક બનાવવામાં આવે છે. મારા દેશનો તિરંગો હંમેશા ઊંચો જ રહેશે તેવા ભાવ સાથે હર ઘર તિરંગા...

વંદે માતરમ.ભારત માતાકી જય. જય હિંદ